વડીલોને વંદન અભિનંદન



બળદેવભાઈ મગનલાલ દવે
(૧૯૩૦) મો. ૯૭૧૨૬૫૦૭૦૫

રમેશચંદ્ર મંગુલાલ મહેતા
(૧૯૪૬) ફોન: ૨૩૨૪૩૯૫૮

ઈન્દ્રવદન ચંદુલાલ પંડ્યા
(૧૯૫૧) મો. ૯૯૨૪૧૧૫૨૫૪

ખેડબ્રહ્મા પાલિકાનો ચૂંટણી પ્રચાર ચરમસીમાએ

ઉમેદવારો દ્વારા રંગબેરંગી આકર્ષક પત્રિકાઓ દ્વારા વચનોની ભરમાળ

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા નગર પાલિકાની સામાન્ય ચૂંટણી આગામી રવિવારે યોજાનાર છે ત્યારે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોએ પ્રચારનું કામ વેગવંતુ બનાવી દીધું છે અને આકર્ષક રંગબેરંગી પત્રિકાઓ દ્વારા વચનો આપી મતદારોને આકર્ષવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ત્યારે ખેડબ્રહ્મા શહેરના મતદારો પોતાનું મન ન કળવા દઈ શિયાળામાં પણ ઉમેદવારોને પસીનો પડાવી રહ્યા છે.

ખેડબ્રહ્માનગર પાલિકાની સામાન્ય ચૂંટણી ૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. નવ વોર્ડના ૬૪ ઉમેદવારોમાંથી ૨૭ સુકાનીઓને પસંદ કરી આગામી પાંચ વર્ષ માટે સત્તા સોંપશે. ચૂંટણીના થોડાજ દિવસ બાકી છે ત્યારે રૂબરૂ મુલાકાત-ખાટલા પરિષદ- બોર્ડ અને પત્રિકાઓ દ્વારા ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. ખેડબ્રહ્મા શહેર ભાજપ દ્વારા એકમત ભાજપને ખેડબ્રહ્મા નગર અને અરવલ્લીનુ મુખ્ય નગરની પત્રિકા છપાવી પાંચ વર્ષના સત્તાકાળ દરમિયાન કરેલ કામગીરી અને હાથ ધરાનાર કામોની ૧૨ પાનાની પુસ્તીકા પ્રકાશિત કરી મતદારોને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સામા પક્ષે કોંગ્રેસ તથા અપક્ષો દ્વારા બંધ હાલતમાં પડેલ બે કોમ્પલેક્ષ-ગંદુ પીવાનુ પાણી ટેક્ષનુંભારણ વગેરે મુદ્દા મતદારો સમક્ષ પત્રિકાઓ દ્વારા મુકી કોંગ્રેસ તથા અપક્ષોએ પણ મતદારોને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે. ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં કેટલાક ઉમેદવારો માટે પ્રતિષ્ઠાનો જંગ બની જવા પામ્યો છે. વોર્ડ નંબર ૨ માં પૂર્વ પ્રમુખ કોંગ્રેસના પ્રવિણસિંહ ડી. સોલંકીસ, વોર્ડ નં. ૭માં ભાજપના અને પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ ઠક્કર તથા વોર્ડ નંબર-૯માં ભાજપના શહેર મંત્રી અરવિંદભાઈ રાવલ - ખેડબ્રહ્મા પાલિકાના સંભવિત પ્રમુખપદના દાવેદાર જણાવે છે તેથી આ ત્રણ વોર્ડની ચૂંટણીના પરિણામ ઉપર સૌ નગરજનોની નજર છે. જેથી સમગ્ર પાલિકાની ચૂંટણી રસાકસીભરી અને પ્રતિષ્ઠાના જંગ સમાન બની જવા પામી છે. પણ મતદારો પોતાના મત કળવા દેતા નથી. જેથી ૬૪ ઉમેદવારોને શિયાળામાં પણ પસીનો પડી રહ્યો છે. ખેડબ્રહ્મા નગરપાલિકામાં પુનરાર્તન થશે કે પરિવર્તન તેનો ચૂટણી પરિણામ પછી જ જાણી શકાશે.

પાલનપુરમાં ગઈકાલે દબાણકારો ઉપર તંત્ર ત્રાટકતા આજે શાકમાર્કેટમાં શાકભાજીની લારીવાળાઓએ બંધપાળ્યો હતો તે પ્રસંગની. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રોઝડમાં સરપંચની ચૂંટણીમાં મત ન આપવા બાબતે માર મરાયો

તલોદ, તા. ૭

તલોદ તાલુકાના રોઝડ ગામની સીમમાં રહેતા ક્ષત્રિય પરિવારને સરપંચની ચૂંટણીમાં મત અમોને કેમ ન આપ્યો ? તેવા મુદ્દે ચાર જણ ભેગા મળી માર માર્યાની ફરીયાદ તલોદ પોલીસમાં કરાઈ છે. તાજેતરમાં બાયડના ડેરીયામાં બનેલી ઘટનાની સતર્ક બનેલી તલોદ પોલીસે તાત્કાલિક આ અંગે કાર્યવાહી હાથ ધરી ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે.

તલોદ પોલીસ સૂત્રોએ આપેલ માહિતી મુજબ તાલુકાના રોઝડ ગામની સીમમાં રહેતા રણજીતસિંહ રાજાસિંહ ચૌહાણ બુધવારના રોજ કડીયાકામથી ઘર પરત ફરી રહ્યા હતા ત્યારે ગામના જ ગુલાબસિંહ મુળસિંહ ઝાલા, સંજયસિંહ ગુલાબસિંહ ઝાલા, પરબતસિંહ બાલુસિંહ પરમાર તથા કાનસિંહ કાળુસિંહ ઝાલા ભેગા મળી રણજીતસિંહના ભાઈ પ્રફુલસિંહને સરપંચનીચૂંટણીમાં તમારા પરિવારે મત અમોને કેમ ન આપ્યો તે મુદ્દે ઝઘડો કરેલ હતો. જેમાં પ્રફુલસિંહએ બુમાબુમ કરતાં પસાર થઈ રહેલા રણજીતસિંહ ત્યાં પહોંચી ગયેલ અને નજીકમાં રહેતો તેમના પરિવારના ભૂરીબેન, રંજનબેન, વિક્રમસિંહ પણ આવી પહોંચ્યા હતા.

જેથી ઉશ્કેરાઈ ગયેલા સંજયસિંહે હાથમાં રહેલી લોખંડની પાઈપ રણજીતસિંહને ફટકારી હતી. તેમજ પરબતસિંહે તેમના હાથમાંનો લોખંડનો સળીયો વિક્રમસિંહ ઉપર ઝીંકી દીધો હતો અને મહિલાઓને ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન ગામના જ અન્ય શખ્સો વચ્ચે પડતાં તેઓ ગાળો બોલ્યા અને જાનથી મારી નાખવાની ધમકી આપી જતાં રહ્યા હતા.

આ ઝઘડા દરમ્યાન ભૂરીબેનની નાકની ચુની કાનસિંહે લાફો મારતા પડી ગયેલ છે. જેથી રણજીતસિંહે આ અંગે તલોદ પોલીસમાં ઉપરોક્ત ચારેક વ્યક્તિ વિરૂદ્ધ ફરીયાદ કરતાં તલોદ પોલીસે ગુનો નોંધી બનાવની તાત્કાલીક તપાસ હાથ ધરી આગળ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચાંપતી નજર રાખી છે.

હિંમતનગરની માયઓન હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા.૭

રાજયના રમતવીરોને સિધ્ધિઓના શિખરો સર કરવામાં અને પોતાની શકિતઓને બહાર લાવવા માટેનું મોકળું મેદાન આપનાર 'ખેલમહાકુંભ' એક અત્યંત લોકપ્રિય ઉત્સવ બની રહ્યો છે ત્યારે હિંમતનગરની શૈક્ષણિક સંસ્થા માયઓન હાઈસ્કૂલનો તેજસ્વી વિદ્યાર્થી રાજપાલસિંહ વાઘેલાએ આવી જ એક સ્પર્ધામાં ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ પ્રદાન કર્યું છે.

હિંમતનગરના ભોલેશ્વર સ્થિત જિલ્લા રમત ગમત સંકુલમાં આયોજીત ૧૬ વર્ષથી ઉપરની ૪૩ કિ.ગ્રા. વર્ગની ટેક વેન્ડોસ્પર્ધામાંજિલ્લામાંપ્રથમ સ્થાન મેળવ્યું છે. તેઓ આગામી રાજયકક્ષાની સ્પર્ધા માટે અમદાવાદ મુકામે સાબરકાંઠા ટીમનું પ્રતિનિધિત્વ કરશે. ઉપરાંત ૧૬ વર્ષથી નીચેના ભાઈઓ અને બહેનોની ટીમ તથા ૧૬ વર્ષથી નીચેના ભાઈઓની બાસ્કેટબોલની ટીમ જિલ્લામાં પ્રથમ સ્થાને આવી છે. આ ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ શાળાના આચાર્ય ડૉ. ડી.એ. પટેલ તથા સમગ્ર શાળા પરીવારે અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચાર માટે ગૃહમંત્રી રજનીકાંત પટેલ દાંતીવાડામાં

દાંતીવાડા, તા. ૭

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે આજે રાજયના ગૃહરાજય મંત્રી રજનીકાંતભાઈ પટેલ દાંતીવાડા મુકામે આવ્યા હતા અને ભાજપને ભવ્ય વિજય અપાવવા કાર્યકરોમાં જોમ અને જુસ્સો વધાર્યો હતો.

દાંતીવાડા ગામે આવેલ દાંતીવાડા કોલોનીની વિદ્યાવિહાર શાળાના સંકુલમાં કાર્યકરોને સંબોધતા રજનીકાંતભાઈ પટેલે ગુજરાતના વિકાસના નામે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિકાસના મશીહા તરીકે ગણાવ્યા હતા. વધુમાં જિલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતની વધુને વધુ સીટો પર ભાજપનું વર્ચસ્વ મજબુત કરવા માટે ઉમેદવારો તેમજ કાર્યકરોને જુસ્સો અપાવ્યો હતો. આ સાથો-સાથ દાંતીવાડા તાલુકાના કાર્યકરોને હનુમાનું નામ આપી બીરદાવ્યા હતા અને તેમને કહ્યું હતું કે હનુમાનજી પણ તેમની શક્તિઓને ભૂલી જતા હતા પણ જ્યારે તેમને તેમની શક્તિ યાદ કરાવવામાં આવતી હતી ત્યારે તેઓ જીત હાંસલ કરતા હતા માટે હું આપ સૌ કાર્યકરોને તમારી શક્તિ યાદ કરાવું છે કે બધી સીટો પર ભાજપનું શાસન આવે તેવી મહેનત કરો તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે કરશનભાઈ પાત્રોડ, જિલ્લા પંચાયત સીટના ઉમેદવાર તેમજ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી, મંત્રી નટુભાઈ પટેલ, પ્રમુખ ઈશ્વરભાઈ ભૂતડીયા, પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મહામંત્રી વિનોદભાઈ પટેલ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં આદીવાસી કલ્યાણ શાખાને તાળા

છેલ્લા બે માસથી ઓફિસ ખુલતી ન હોવાથી ગરીબ લાભાર્થીઓને ધરમધક્કા

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં આવેલ આદિવાસી કલ્યાણ શાખા છેલ્લા બે માસથી બંધ છે. જેથી ગરીબ આદિવાસી લાભાર્થીઓના કામ અટકી ગયા છે. તાલુકામાંથી લાંબા અંતરેથી આવતા લાભાર્થીઓને સમય અને પૈસાનું નુકશાન વેઠવાન વારો આવ્યો છે. ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની આદિવાસી કલ્યાણ શાખા છેલ્લા બે માસથી બંધ છે. અને છેલ્લા અઠવાડીયાથી શાખાને તાળા લગાવી દેવામાં આવ્યા છે જેથી વન બંધ યોજના અંતર્ગતના લાભાર્થીઓના કામ થતા ન હોઈ લાભાર્થીઓમાં રોષ ફેલાયો છે. આ અંગે ડોડીવાડાના લાભાર્થી ઉદાભાઈ ભેમાભાઈ ગમારના જણાવ્યા અનુસાર વન બંધુ યોજના અંતર્ગત મકાન માટે રૂ. ૪૫૦૦૦ની સહાય મંજુર થયેલી છે. મકાનનું કામ પૂર્ણ થઈ ગયું છે આ મકાનની સહાયના બે હપ્તા મળ્યા છે પણ છેલ્લા હપ્તા માટે બે માસથી તાલુકા પંચાયતમાં આવે છે. પણ કચેરી બંધ હોવાથી ઘરે પાછા જાય છે. એ જ રીતે ઝાંઝવા પાંણાઈના સાજુબેન પરથીભાઈ સહિત ઘણા બધા લાભાર્થીઓ ની ફાઈલો અટવાઈ પડી છે જેતી તાલુકા પંચાયતના ધક્કા ખાઈ લાભાર્થીઓના સમય અને પૈસાનું મોટા પાયે નુકશાન થાય છે.

આ આદિવાસી કલ્યાણ શાખાના વિસ્તરણ અધિકારીના કામગીરી ચાર્જથી ચાલે છે. શાખાનો કલાર્ક નિવૃત્ત થયો છે જેથી શાખાનું કોઈ રણીધણી નથી. આ શાખાની કામગીરી સત્વરે શરૂ થાય તેવું મોટી સંખ્યામાં લાભાર્થીઓની માંગણી છે.

ખેડબ્રહ્મા સ્થિત પ્રાયોજના વહીવટદારે આ અંગે જણાવ્યું હતું કે આ પ્રશ્ન તાલુકા વિકાસ અધિકારીને હલ કરવાનો છે. ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના ટીડીઓ સી.એસ. નિનામા મોટા ભાગે ફરતા રહેતા હોવાથી તેમના ટેબલ ઉપર ફાઈલોના ઢગલા જોવા મળે છે તેથી આ ટી.ડી.ઓ. હોવા છતાં આદિવાસીઓના કલ્યાણના કામ થતા ન હોવાથી તાલુકામાંબુમ ઉઠવા પામી છે.

દાંતીવાડામાં વીજ તંત્રની બેદરકારીથી અબોલ પશુએ જીવ ગુમાવ્યો

દાંતીવાડા, તા.૭

હાલના સમયે અબોલ પશુ પક્ષીઓને બચાવવા માટે અનેક પશુ પ્રેમીઓ અને સંસ્થાઓ આગળ આવી રહી છે ત્યારે આજ રોજ દાંતીવાડા ગામમાં જ વીજ તંત્રના અધિકારીઓની બેદરકારીને લીધે અબોલ ભેંસે જીવ ગુમાવવાનો વારો આવ્યો હોવાથી પશુ પ્રેમીઓ અને પશુપાલકોમાં ભારે રોષ ફેલાયો છે અને સત્વરે થાંભલાના ખુલ્લા વીજ વાયરોને બંધ કરવા માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ગામે રબારી વાસમાં રહેતા હમીરભાઈ ભલાભાઈ રબારી સવારે ૯ વાગ્યાના સુમારે પોતાની ભેંસોને પાણી પીવડાવવા માટે લઈ જઈ રહ્યા હતા. દરમિયાન એક ભેંસ ચાલતી ચાલતી માર્ગની પાસે આવેલ વીજ થાંભલા પાસે પહોંચી ગઈ હતી. જયાં જીઈબીના કર્મચારીઓની બેદરકારીના કારણે ખુલ્લા થઈ ગયેલા વીજ થાંભલાના વાયરોને ભેંસ અડકતા મોતનો કોળીયો બની ગઈ હતી અને થોડીવાર સુધી તડપી-તડપીને તેનું મોત નિપજયું હતું. આથી પશુપાલન ઉપર દિવસો કાઢતા રબારી પરિવારને ઘર ચલાવવાનો આધાર છીનવાઈ ગયો હતો. પરિણામે પરિવારજનો અને પશુ પ્રેમીઓએ રૂ. ૫૦ હજારથી વધુની કિંમતી ભેંસને ગુમાવતા વીજ તંત્ર સમક્ષ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો અને સત્વરે આવા ખુલ્લા વીજ વાયરોને શોધી-શોધી તેનું સમારકામ કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

ઉનાવા બાયપાસ માર્ગ પર વાહન અકસ્માતો નિવારવા સર્કલ બનાવવા લોકોની માંગ

ઊંઝા, તા. ૭

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે બાયપાસ હાઈવે પર ગામના પ્રવેશ દ્વારો આગળ તેમજ દરગાહ પાસે વાહન અકસ્માતો નિવારવા આ જગ્યાએ સત્વરે સર્કલ બનાવવા તથા માર્ગને પહોળો કરવા લોકમાગણી ઉઠી છે.

ઉનાવા ગામ નજીકથી અમદાવાદ-પાલનપુર-આબુરોડ-દિલ્હી સુધીનો રાષ્ટ્રીય ફોરલેન હાઈવે પસાર થાય છે. આ હાઈવેની બંને બાજુ ગામના પ્રવેશ દ્વારો ઉનાવા માર્કેટયાર્ડ આગળ તેમજ ત્રિભુવન ફાર્મ આગળથી ગામમાં પ્રવેશવાનો માર્ગ વળાંકવાળો અને સાંકડો હોઈ વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે.

અત્રે ચાર માર્ગીય હાઈવે પર ચોવીસ કલાક નાનામોટા વાહનોની અવરજવર ચાલુ રહે છે. હાઈવેના લીધે વાહનો પુરઝડપે દોડે છે. હાઈવે પર પુરપાટ દોડતા વાહનોને આર.ટી.ઓ. તથા ટ્રાફિક પોલીસતંત્ર તરફથી કોઈ જ રોકટોક થતી નથી. પરિણામે વાહનચાલકો ટ્રાફિકને લગતા નિયમોની ઐસી કી તૈસી કરીને માતેલા સાંઢની માફક બેફામ રીતે વાહનો દોડાવી રહ્યા છે. પરિણામે વારંવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે.

ઉનાવા બાયપાસ હાઈવેથી ગામમાં પ્રવેશવાના માર્ગો વળાંકવાળા અને સાવ સાંકડા બનાવવામાં આવ્યા છે. જેથી એસ.ટી. બસ સહિતના મોટા વાહનોને ગામમાં પ્રવેશતીવેળા મુશ્કેલી પડે છે. આ માર્ગોને સત્વરે પહોળા કરાય તેમજ બાયપાસ હાઈવેના બંને પ્રવેશ દ્વારો આગળ સર્કલ બનાવવામાં આવેતેવી લોક લાગણી અને માગણી ઉઠી છે.

શબ્દાવલી - ૪૯૭૨



આડી ચાવી

૧. મળેલ તકનો લાભ લઈ કામ કરનાર (૪)
૪. ચીરા, ઘસરકા (૨)
૬. હાથ, હસ્ત (૨)
૭. ધીરજ વિનાના (૩)
૮. ઈમારતી લાકડુ વેચવાની દુકાન (૨)
૯. ઘર બનાવવા માટે ચારેબાજુ ચણાતી આડસ (૩)
૧૦. સમુહમાં એક સાથે રસ્તા પર નીકળે તે (૪)
૧૨. ચારેકોર (૩)
૧૪. પછવાડેની (૪)
૧૬. ડરે નહિ તેવો બહાદુર (૩)
૧૮. તેલ વગેરેની પડીકી (૨)
૧૯. મોજ, આનંદ (૨)
૨૧. છેતરવું તે, ચારસો વીસી (૫)

ઊભી ચાવી

૧. તરત તૂટી કે ભાંગી જાય તેવું (૪)
૨. વેરો (૨)
૩. હોળી પછીનો દિવસ (૩)
૪. ધૂળની ડમરી સાથે જોરદાર પવન (૨)
૫. જેલ, કાળી કોટડી (૪)
૭. મરે નહિ તેવું (૩)
૮. લાલઘૂમ (૪)
૧૦. સોગન, કસમ (૨)
૧૧. પ્રથા, રીત (૩)
૧૩. ઉપકાર, પાડ (૪)
૧૪. ચોખા કે અડદના બને (૩)
૧૫. લાકડી, ડંડો (૨)
૧૭. રવિવાર... નો દિવસ છે (૨)
૨૦. જુવાર એક ધાન્ય (૨)

શબ્દાવલી ૪૯૭૧ના જવાબ

આડી ચાવી :- (૧) અહોભાવ (૪) સવાલ (૬) ગાડી (૭) પખવાજ (૯) દશરથ (૧૨) જમ (૧૪) પાકર (૧૫) પતવાર (૧૭) દાણચોર (૧૮) નરાધમ (૧૯) રતાશ

ઊભી ચાવી :- (૧) અપવાદ (૨) ભાગાકાર (૬) વડી (૪) સગ્રાખ (૫) લવાજમ (૮) વાજ (૧૦) શતક (૧૧) થડ (૧૩) ચિતચોર (૧૪) પાવન (૧૫) પણ (૧૬) વારતા (૧૭) દામ

કંપની સમાચાર

'સેફ સિટી સુરત' પ્રોજેક્ટને બેસ્ટ નેટવર્કિંગની શ્રેષ્ઠ સુવિધા સાથે સફલ બનાવશે આર.કે. ઈન્ફ્રાટેલ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાજય સરકારના અતિ મહત્ત્વના એવા પ્રોજેક્ટ સેફ સીટી સુરત પ્રોજેક્ટનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે ત્યારે માત્ર રાજયના જ નહીં પરંતુ ભારતમાં પ્રાઈવેટ પબ્લિક પાર્ટનરશીપ (પીપીપી) સ્કીમ હેઠલ હાઈટેક સીસીટી નેટવર્કથી સમગ્ર શહેરને જોડાનારા આ પ્રથમ પ્રોજેક્ટ માટેનો શ્રેય ગુજરાતની અગ્રણી કંપની આર. કે. ઈન્ફ્રાટેલ લિમિટેડને જાય છે. આ પ્રોજેક્ટ સુરત સીટી પોલીસ ડિપાર્ટમેન્ટ અને સુરત ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની સંયુક્ત પહેલ છે અને જે દ્વારા સુરત શહેરના નાગરિકોની સુરક્ષા અને સલામતી રાખવાનો મુખ્ય ઉદ્દેશ પાર પાડવાનો છે.

ગુજરાતમાં ટેલિકોમ, ઓઈલ, ગેસ અને આઈએસપી જેવા ક્ષેત્રો માટે ઈન્ફ્રાસ્ટ્રકચર સર્વિસ પ્રોવાઈડર કંપની આર.કે. ઈન્ફ્રાટેલ લિ. દ્વારા આ નોંધનીય પ્રોજેક્ટ માટે અંડર ગ્રાઉન્ડ ઑપ્ટિકલ ફાઈબર કેબલ નેટવર્કની સંપૂર્ણ વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી, અને માત્ર ચાર માસમાં જ સમગ્ર સુરત શહેરને **CCTV** કેમેરાથી સજ્જ કરીને શહેરને સલામત બનાવવા શહેરના મોટાભાગના વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ **(OFC)** નું નેટવર્ક ફેલાવવામાં આવ્યું છે. આ અંગે આર.કે. ઈન્ફ્રાટેલ લિમિટેડના ચેરમેન એન્ડ એમડી રાજેન્દ્ર શેઠે જણાવ્યું હતું કે સમગ્ર શહેરનાં દરેક ખુણે **CCTV** કેમેરા લગાવીને સમગ્ર શહેરને **CCTV** નેટવર્કથી એક સેન્ટ્રલ કમાન્ડ સેન્ટર સાથે છે.

ગોદરેજ એક્સપર્ટ રીચ ક્રિમ હેર કલર દ્વારા અમદાવાદમાં હેર ડ્રેસર્સ માટે કટ એન સ્ટાઈલ સેમિનારનું આયોજન કરાયું

ભારતની અગ્રણી એફએમસીજી કંપનીની હેર કલર માર્કેટમાં ટોચનું સ્થાન ધરાવતી ગોદરેજ કન્ઝયૂમર લિ. દ્વારા આજે હેર કટ અને સ્ટાઈલ પર (જીપીસીએલ). મુંબઈની જાણીતાં માહિતીપ્રદ સેમિનારનું આયોજન કરાયું હતું. અત્યંત હેર ડ્રેસર અને હેર સ્ટાઈલિસ્ટ તથા મુંબઈમાં બિગ બોસ સલૂન ધરાવતાં હરિશ ભાટિયાએ સેમિનારનું સંચાલન કર્યું હતું. અને હેર સ્ટાઈલિંગ અને કરલીંગ અને ઉપયોગી સૂચનો આપ્યાં હતા.

આ પ્રસંગે શહેરભરમાંથી ૨૫૦થી વધુ હેર ડ્રેસર્સ ઉપસ્થિત રહ્યાં હતા. ભાટિયાએ બ્રાન્ડની યુએસપી દર્શાવી હેડ કલરીંગ અંગે ઉપયોગી ટીપ્સ આપી હતી. તેમણે એ પણ દર્શાવ્યું હતું કે ભારતમાં સૌ પ્રથમ વાર અનુકૂલ સેશેમાં લોન્ચ કરાયેલ ક્રીમ હેર કલર ઉપયોગમાં કેવી રીતે સરળ છે. આ ઉત્પાદન એક અનોખું ક્રીમ હેર પ્રોટીનથી સમૃધ્ધ છે અને વાળને મુલ કલર છે. જે અલોગયમ અને ચમકદાર રાખે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેની નો એમોનિયા ફોર્મુલા વાળામાંથી પ્રોટીન જાળવી રાખી તમારા વાળને મજબૂત અને તંદુરસ્ત રાખે છે.

કોંગી આગેવાન મનિષ દોષીએ ફેરવિચારણા માટે અરજી કરી

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ આદેશપાલ દ્વારા ઐતિહાસિક નિર્ણય લઈને છ ડાયરેક્ટરોની નિમણુંક રદ કરવામાંઆવી હતી. યુનિવર્સિટીના આ નિર્ણયને યુનિ.સ્ટેચ્યુટ ૨૦૨નો ભંગ ગણાવી કોંગી આગેવાન મનિષ દોષીએ યુનિવર્સિટી સમક્ષ નિર્ણય અંગે ફેરવિચારણા અરજી કરી છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલે પોતાની મનમાની કરીને યુનિવર્સિટી સ્ટેચ્યુટ ૨૦૨ અને ૨૦૩નો ભંગ કર્યો હોવાનો આક્ષેપ કોંગ્રેસી આગેવાન મનિષ દોષીએ કર્યો છે. કુલપતિ આદેશપાલ દ્વારા એક સપ્તાહ પહેલા છ ભવનોના ડાયરેક્ટરોની પોસ્ટ રદ કરવા સંદર્ભે મનિષ દોષીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના કાયદાઓ ગુજરાત વિધાનસભામાં બન્યા છે. અને તેમાં બદલાવ કરવાની સત્તા પણ ગુજરાત વિધાનસભાનેજ છે. તેમ છતા કુલપતિ આદેશપાલે પોતાની મનમાની કરીને યુનિવર્સિટીના છ ભવનોના ડાયરેક્ટરની નિમણુંક રદ કરી નાખી છે. આ ડાયરેકટરોની પોસ્ટ પણ ગુજરાત વિધાનસભાએ ઘડેલા યુનિવર્સિટીના સ્ટેચ્યુટ પ્રમાણે છે.

ભાજપ આક્રમક ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણેય મંત્રીઓનો તાલુકાના વિદ્યુતવેગી પ્રવાસનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જો કે આ અંગેનો આખરી નિર્ણય મંત્રીઓની અનુકૂળતાને ધ્યાને રાખી કરવામાં આવશે. ભાજપે તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભવ્ય વિજય હાંસલ કરવા માટે ચુનંદા કાર્યકરો અને આગેવાનોને મેદાનમાં ઉતારતાં સમગ્ર તાલુકામાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. ચૂંટણીનું ચિત્ર હજુ પાંચમીએ જ સ્પષ્ટ થયું છે અને ૧૨ જ દિવસ પ્રચાર માટે મળતા હોવાથી પ્રચાર અભિયાન આક્રમક અને વિદ્યુત વેગી રહેશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યું છે.

મીની-બસ દોડાવાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડાબા હાથે જ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાશે. આ તબક્કે પાર્કીંગ પ્લોટથી સંબંધિત બ્લોક સુધી પહોંચવા માટે ઈન્ટરનલ ટ્રાન્સપોર્ટ સર્વિસ પણ ઉપલબ્ધ કરાશે. સચિવાલય સંકુલમાં આંતરિક બસ વ્યવસ્થા મળી રહે તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે. કર્મચારી-અધિકારીઓ ઉપરાંત મુલાકાતે આવતા કોમન મેનને વિવિધ બ્લોક સુધી લઈ જવા માટે સંકુલમાં મીની બસ ફરતી થશે.

સમાવવા ક્વાયત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

કક્ષાએથી પણ અલગ દરખાસ્ત તૈયાર કરી રાજય સરકારના પંચાયત વિભાગને મોકલવામાં આવશે. રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાંથી મળેલ દરખાસ્તો અને વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા મળેલ ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટના આધારે ગામની પસંદગી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં પસંદગી પામેલ રાંધેજા ગામમાં પ્રોજેક્ટના અમલીકરણમાં થયેલ વિલંબને ધ્યાને રાખી હવે સરકાર શું નિર્ણય કરશે તે અંગે કોઈ કશું જ બોલવા તૈયાર નથી.

રાજય સરકાર દ્વારા આખા રાજયમાંથી ૨૦ જેટલા ગામોની પસંદગી કરશે તેમ મનાઈ રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે સરકાર હવે આ કામગીરી ખાનગી એજન્સીને બદલે વાસ્મો કે પલ્બીક હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા ખાતાકીય રાહે કામગીરી કરાવે તેવી શકયતાઓ પણ રહેલી છે.

નીતિ બદલાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેરફાર કરી વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષામાં ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયોમાં મેળવેલા માર્કસના આધારે નક્કી થનારા પર્સન્ટાઈલ રેન્કના ૬૦ ટકા અને **JEE (Main)** માં મેળવેલા માર્કસના આધારે નક્કી થનારા પર્સન્ટાઈલ રેન્કના ૪૦ ટકા ગુણભાર અર્થાત્ ૬૦:૪૦ ગુણભારને આધારે તૈયાર કરવામાં આવશે.

રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, રાજય સરકારે ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટે સીંગલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ સ્વીકારી છે, ત્યારે રાજયના ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓએ **JEE (Main)**માં ઉપસ્થિત થવું ફરજીયાત છે.

૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ **IITS, NITs** અને કેન્દ્રીય સહાય મેલવતી ટેકનિકલ સંસ્થાઓ **(CFTIs)**માં પ્રવેશ માટેની જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામીનેશન અર્થાત **JEE -2013**માં યોજાનાર છે. ૭-૪-૨૦૧૩ના રોજ **Off-line** (પેપર-પેન્સિલ ટેસ્ટ) સ્વરૂપે તેમજ **On-line** (કોમ્પ્યુટર બેઈઝડ) પરીક્ષા ૮-૪-૨૦૧૩ થી ૨૫-૪-૨૦૧૩ દરમ્યાન રાજયના જુદા જુદા શહેરોમાં યોજાનાર છે.